

## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# જિલ્લાના ૮૦ બાળકોને હૃદયરોગની સારવાર અપાઈ

### કલોલમાં સાડા ત્રણ કરોડના ખર્ચે સામુહિક આરોગ્ય કેન્દ્ર બનશે : આરોગ્યતંત્રની ખાલી જગ્યાનો મામલો પ્રશ્નોત્તરીમાં ચમક્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત ૩૧-૧૨-૧૮ની સ્થિતિએ ૮૦ બાળકોને હૃદયરોગની ગંભીર બિમારીની સારવાર આપવામાં આવી છે તેમ ભાજપના બલરાજસિંહ ચૌહાણ અને શંભુજી ઠાકોરના લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીએ જણાવ્યુ છે.

આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે છેલ્લા એક વર્ષમાં ૩,૧૨,૦૦૦ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ છે કે આ પૈકી ૨૨,૭૯૮ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, પાંખની તકલીફ, કાન-નાક-ગળાની તકલીફ, પેટની તકલીફ જણાયેલ છે. આ અંગે જરૂરી સારવાર બાળકોને આપવામાં આવી હોવાનું પણ તેમણે સ્વીકાર્યુ હતુ.

**● માણસા તાલુકામાં તળાવોના જથ્થામાં ઘટાડો થયો**

ગાંધીનગર જિલ્લાના માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે માણસા તાલુકાના તળાવોમાં પાણી ભરવાના મુદ્દે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે તાલુકાના ૧૬ તળાવમાં પાણી ભરવામાં આવ્યુ છે.

૨૦૧૭માં આ ૧૬ તળાવોમાં ૧૪૭.૨૩ એમ.સી.એફ.ટી. પાણી ભરવામાં આવ્યુ હતુ. જયારે ૨૦૧૮માં ૧૩૭ એમ.સી.એફ.ટી. પાણી ભરવામાં આવ્યુ છે. ૨૦૧૭ની તુલનામાં આ તળાવોમાં પાણી ભરવાના જથ્થામાં ઘટાડો થયો છે.

આ પાણીનો પીવા માટે, સિંચાઈ માટે અને ઘરગથ્થુ વપરાશ માટે ઉપયોગ થતો હોઈ અલગ હિસાબ રાખવામાં આવતો નથી તેવી સ્પષ્ટતા પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં કરી છે.

**● કલોલ સી.એચ.સી.નું નવુ મકાન**

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે આ નવા મકાનના નિર્માણ માટે ૧૧-૭-૧૮ના રોજ ટેન્ડર બહાર પડાયુ હતુ અને તે આખરી કરી વર્ક ઓર્ડર આપી દેવામાં આવેલ છે.

નવા મકાનના બાંધકામનો વર્ક ઓર્ડર ૪-૨-૧૯ના રોજ ધારા કન્ટ્રક્શન એન્ડ અર્થ મુવર્સ અમદાવાદને તે આપવામાં આવેલ છે. આ નવા મકાનના બાંધકામ માટે રૂ. ૩ કરોડ ૫૪ લાખની રકમ મંજૂર કરવામાં આવી હોવાનું પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

**● આરોગ્ય તંત્રમાં ખાલી જગ્યા**

ગાંધીનગર જિલ્લાના આરોગ્યતંત્રમાં વર્ગ-૧ થી ૪ના મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાઓ અંગે કોંગીના સુરેશ પટેલે પુછેલા

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળાના આગમનના એંધાણ - શિયાળીની ઠંડીની સીઝન ખતમ થઈ રહી છે, ઉનાળાનુ આગમન થઈ ગયુ છે, ગરમીનો પારો સતત ઉપર આવી રહ્યો છે. ત્યારે ગાંધીનગર શહેરમાં શેરડીના રસના કોલાઓનું પણ નગરના માર્ગો પર આગમન થઈ રહ્યું છે.

# સરદારની પ્રતિમામાં પરેશ ધાનાણીએ ભંગારનો ભુક્કો ભરાયોનું કહેતા હોબાળો

### ધારાસભ્યો દ્વારા વિપક્ષ નેતા પાસે માફીની માંગ : ગૃહમાં શાસક પક્ષ-વિપક્ષના સભ્યો વચ્ચે ભારે શોરબકોર હોબાળાને લઇ આખરે ગૃહની કાર્યવાહી મુલતવી રખાઇ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાનું પાંચ દિવસીય સત્ર ચાલુ રહ્યું છે. જેમાં આજે ત્રીજા દિવસે ગૃહમાં બીજી બેઠકમાં વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણીના એક વિવાદીત નિવેદનને પગલે સમગ્ર ગૃહમાં જોરદાર હોબાળો મચી ગયો હતો. ખાસ કરીને શાસક પક્ષના સભ્યોએ વિપક્ષ કોંગ્રેસ પર રીતસરની પસ્તાળ પાડી હતી. વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ લોખંડનો ભંગાર ભેગો કરી તેનો ભૂક્કો કરીને એમાંથી સરદારની પ્રતિમા બનાવી છે એમ જણાવતાં શાસક પક્ષ ભાજપને આ નિવેદન બહુ ચચર્યું હતું. જેને લઈને શાસક પક્ષે ધાનાણીના નિવેદન સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. જોતજોતામાં કોંગ્રેસ અને ભાજપ આમને સામને આવી ગયા હતા અને બંને અંગેનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. કોંગ્રેસના લલિત વસોયા અને પ્રતાપ દૂધાતે એ સમયે સરકાર વિરોધી ટિપ્પણી કરી હતી ત્યારે જવાબ આપી રહેલા



File Photo

નાણામંત્રી નીતિન પટેલ ઉશ્કેરાઈ ગયા હતા. બંને નેતાઓને જણાવ્યું હતું કે તમે જય સરદાર જય સરદાર બોલી સરદાર પટેલના નામે જીતી ગયા છો અને આજે ધારાસભ્ય બની ગયા છો. પક્ષના ધારાસભ્યો શોરબકોર, હોબાળો અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા પરિણામે, વિધાનસભા ગૃહની કાર્યવાહી મુલતવી રાખવી પડી હતી. માણસાના ધારાસભ્ય સુરેશ પટેલે કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી મુલાકાત

● અનુસંધાન પાન-૭ પર

## વિપક્ષી નેતા ધાનાણી સસ્પેન્ડ

વિધાનસભા ગૃહમાં આજે વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટી ભંગારના ભુક્કામાંથી બનાવી તેમની ઉંચી પ્રતિભાને લોખંડની પ્રતિમામાં કેદ કરવામાં આવી અંગે આજે કરેલા નિવેદનને લઈ ભારે હોબાળા અને ઉહાપોહ બાદ આખરે વિપક્ષના નેતા પરેશ ધાનાણીને વિધાનસભા ગૃહમાં આજે એક દિવસ માટેની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવતાં વિપક્ષ કોંગ્રેસના સભ્યોમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા હતો. કોંગ્રેસે અધ્યક્ષના આ નિર્ણયનો જોરદાર વિરોધ કર્યો હતો અને ગૃહમાંથી એકસાથે વોકઆઉટ કરી ગૃહનો બહિષ્કાર કર્યો હતો. દરમ્યાન વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ સરકાર પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, ભાજપ સરકાર પોતાની નિષ્ફળતા છુપાવવા આવા કામો કરી રહી છે. ભાજપની નબળાઈ દર્શાવવાના પૂરતા પુરાવા મારી પાસે ઉપલબ્ધ છે અને ભાજપ સરકારની ચોરી પર સીનાજોરીના આવા પ્રયાસને વિપક્ષ કોંગ્રેસ કોઈપણ સંજોગોમાં સાંખી નહી લે અને વિધાનસભામાં તેનો સરકારને જોરદાર જવાબ આપશે.

# સે. ૨૨ની બે વર્ષની બાળકીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો

### શહેરમાં સ્વાઈન ફ્લુના ૧૮ કેસ થયા : ૪ કેસ હાલ સારવાર હેઠળ ૧૩ દર્દી સાજા થતા રજા અપાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફ્લુના વધુ બે કેસ મળી આવેલ છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૮ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૨માંથી એક બે વર્ષીય બાળાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજ પ્રમાણે સે. ૨૬માંથી પણ એક ૫૧ વર્ષીય મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેણીનીને પણ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

બન્ને દર્દીઓની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. તંત્ર દ્વારા મળી આવેલ દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે.

શહેરમાં સ્વાઈન ફ્લુથી એક દર્દીનું મોત થયુ છે. હાલ ૪ દર્દી સારવાર હેઠળ છે અને ૧૩ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમણે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

સેક્ટર-૨૬માંથી સ્વાઈન ફ્લુનો ત્રીજો કેસ મળી આવેલ છે જેથી તંત્ર ચોંકી ઉઠેલ છે. તંત્ર દ્વારા સઘન સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે.

સે. ૨૨માંથી બે વર્ષની નાની બાળકીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરના છુટા છવાયા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે. જો કે સઘન સર્વેલન્સ દરમ્યાન કોઈ નવા કેસ સામે નહિ આવ્યાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા શહેરમાં સર્વેલન્સ અલગથી પણ શરૂ કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

## શહેરની ૨૦ ટકા ખાનગી મિલ્કતો મહિલાઓના નામે છે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આવેલી ખાનગી મિલ્કતોમાંથી ૨૦ ટકા જેટલી મિલ્કતોના માલિક મહિલાઓ છે.

મહિલાઓ માટે એડવાન્સ ટેક્સ ભરે તો ૫ ટકા વધુ રિબેટ આપવાની જાહેરાતના અનુસંધાને તપાસ કરતાં આ હકીકતો બહાર આવવા પામી છે. શહેરમાં ૫૦ હજારથી વધુ ખાનગી મિલ્કતો છે.

મનપાએ તેના બજેટમાં એડવાન્સ ટેક્સ ભરનારને ૧૦ ટકા વળતર તેમજ ડિઝીટલ પેમેન્ટ પર વધુ ૨.૫૦ ટકા વળતરની યોજના છે તેમાં આ વખતે મહિલા મિલ્કતધારક જો એડવાન્સ ટેક્સ ભરે તો ૫ ટકા વધારે રિબેટ આપવામાં આવશે તેવો નિર્ણય ગઈકાલે મંજૂર થયેલ બજેટમાં લેવાયો છે.

મિલ્કતવેરાના બિલો ૩૧મી મે સુધીમાં તમામ મિલ્કતધારકોને મળી જશે તેવો નિર્ણય પણ કરાયો છે. વિશેષ વળતરની યોજનાનો લાભ ૧લી એપ્રિલથી શરૂ થશે.

મિલ્કતવેરાની વસુલાતમાં તંત્રએ આ વખતે તેના લક્ષ્યાંકમાં ઘટાડો કર્યો છે તે પણ નોંધનીય છે. સરકારી મકાનોના લેણાં ઘણા બાકી છે અને આ માટે સરકાર અને મનપાના અધિકારીઓ વચ્ચે મંત્રણાઓ ચાલી રહી છે અને તે ખુબજ સાનુકૂળ વાતાવરણમાં આગળ વધી રહી હોવાના સંકેતો પણ તંત્રના સૂત્રોમાંથી મળ્યા છે.

## આગામી કેટલાક દિવસો હજુ બેવડી ઋતુ અનુભવાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે રાજ્યમાં ઠંડીની અસરો હમણાં સુધી રહેવામાં હતી. વસંતઋતુમાં હવામાન સામાન્યતઃ સીતોષ્ણ રહેતુ હોય છે તેમજ ઋતુમાં વિપર્યાય થવાથી રોગીષ્ટ પણ રહેતુ હોય છે. આમ છતાં વનસ્પતિના ફૂલ વગેરે વૃદ્ધિ માટે અને મહેક માટે વસંતઋતુની ઘણી અગત્યતા છે. ભૌગોલિક બાબતો ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં હવે દિવસે ગરમીનું પ્રમાણ રહેવા છતાં હજુ સવારના ભાગમાં ઠંડીની શક્યતાઓ રહેલ છે. તા. ૨૧-૨૨-૨૩ ફેબ્રુઆરીમાં પવન ફુંકાય, જ્યારે તા. ૨૪, ૪૫, ૨૬માં પશ્ચિમી વિક્ષેપની અસર થતાં વાદળો આવે, પવનની ગતિ પણ રહેવાની શક્યતા છે. વળી હવામાનમાં ઠંડકનું પ્રમાણ પણ આવવાની શક્યતા છે. ન્યુનતમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સીયસ આસપાસ રહેવાની શક્યતા રહેલ છે. ૨૮ ફેબ્રુઆરીથી તા. ૧૦ માર્ચ સુધીમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષાની સંભાવના છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલપ્રદેશ, દિલ્હી, પંજાબ, હરીયાણાના ભાગોમાં હવામાનમાં પલટો આવતાં કોઈ કોઈ ભાગોમાં કમોસમી વરસાદની પણ સંભાવના રહે. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં પણ હવામાનમાં વિપર્યાપ જણાય. વાદળવાયુ અને ક્યાંક ક્યાંક કમોસમી વરસાદ થઈ શકે. ક્યાંક તો હવામાન કથળી જાય હવે ધીરે ધીરે મહત્તમ ઉષ્ણતામાનમાં વધારો થાય અને ક્યારેક ઠંડા પવનો પણ ફુંકાય. બેવડી ઋતુ રોગીષ્ટ ગણી શકાય.

# ગાંધીનગરમાં બનશે વિશ્વકક્ષાની યુનિવર્સિટી

### લેકાવાડા પાસે સો એકર જમીનમાં આ યુનિવર્સિટી આકાર પામશે : પ્રથમ તબક્કામાં ૧૦૦ કરોડની ફાળવણી

ગાંધીનગર, તા. ૨૦

વિદ્યાધામ તરીકે નામના પામેલા ગાંધીનગરમાં વિશ્વકક્ષાની યુનિવર્સિટી બનાવવામાં આવશે. ગાંધીનગર નજીક આવેલા લેકાવાડામાં સો એકર જમીન આ માટે ફાળવવામાં આવી છે. સરકારે પ્રાથમિક તબક્કે આ માટે સો કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ગાંધીનગર વિદ્યાધામ તરીકે સમગ્ર રાજ્યભરમાં નામના પામ્યુ છે. સ્કૂલકક્ષાથી લઈને કોલેજ કક્ષાની અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં ગુજરાતભરના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ ઉપરાંત યુપીએસસી, જીપીએસસી અને ગૌણ સેવા મંડળની ભરતી પરીક્ષાઓની તૈયારી માટે હજ્જારો વિદ્યાર્થીઓ ગાંધીનગમરાં રહીને સઘન અભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાધામ તરીકેના છોગામાં હવે વધુ એક પીંછુ ઉમેરાવા જઈ રહ્યું છે.

ગાંધીનગરમાં વિશ્વકક્ષાની યુનિવર્સિટી બનાવવાની દરખાસ્તને કેન્દ્ર સરકારની મંજૂરી મળી ગઈ છે. દરખાસ્તને મંજૂરી મળતાં જ રાજ્ય સરકારે આ દિશામાં ઝડપથી કાર્યવાહી શરૂ કરી છે. રાજ્ય સરકારે લેકાવાડા નજીક સો એકર જમીન આ માટે ફાળવવામાં આવી છે. રાજ્ય સરકારે પ્રાથમિક તબક્કે સો કરોડની રકમની ફાળવણી પણ કરી દીધી છે. મળતી માહિતી મુજબ આ યુનિવર્સિટીનું સંચાલન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ને સોંપવામાં આવશે. આ યુનિવર્સિટીમાં તમામ અભ્યાસક્રમો તબક્કાવાર શરૂ કરવામાં આવશે.

ગાંધીનગરમાં હાલમાં ૧૯ જેટલી યુનિવર્સિટી અને ડીમ્ડ યુનિવર્સિટી આવેલી છે. વિવિધ અભ્યાસક્રમો ચલાવતી આ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર મુનલાઈટ મોડમાં : મુખ્યમાર્ગો પર અંધારુ છવાયુ

### મંગળાવારે રાત્રિના લાઇટો ડુલ રહેતા શહેરના માર્ગો પર અંધારપટ્ટ છવાયો : સેકટરોમાં સ્ટ્રીટ લાઇટોની ફરિયાદોનો ઝડપથી નિકાલ આવતો ન હોવાનો પણ આક્રોશ

ગાંધીનગર તા ૨૦

શહેરના ગ માર્ગ પર હજુ વાઈબ્રન્ટ ફીવર છવાયેલો છે. વાઈબ્રન્ટ સમિટના એક મહીના બાદ પણ નગરના ગ માર્ગ પર સ્ટ્રીટ લાઈટ પર રંગબેરંગી રોશની ઝળહળી રહી છે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો સહીત મોટાભાગના વિસ્તારોમાં ગઈકાલે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા નગર મુનલાઈટ મોડમાં જોવા મળ્યુ હતુ. શહેરના મુખ્યમાર્ગો પર પણ અંધારપટ્ટ રહ્યો હતો. જયારે સેકટરોની શેરીઓમાં પણ ઘનઘોર અંધારુ છવાયુ હતુ. વાઈબ્રન્ટ સમિટ વેળાએ જળાહળા થતુ શહેર સ્ટ્રીટ લાઈટની પ્રાથમિક સુવિધાના મામલે છેવાડાના ગામ જેવુ બન્યુ છે. તંત્રના અધિકારીઓ પણ આ મામલે નિરસતા સેવી રહ્યા હોવાનો રોષ પ્રબળ બન્યો છે.

ગાંધીનગરમાં એલ ઈ ડી લાઈનો પ્રોજેકટ અમલમા મુકાયા બાદ પ્રતિમાસ વિજબીલની રકમમાં ધરખમ ઘટાડો થયો હોવાનુ તંત્ર જણાવી રહ્યુ છે. પરંતુ સામે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો પણ વધી છે.સેકટરોમાં વારંવાર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સ્થાનિકોએ હાલાકી વેઠવી પડે છે. જયારે એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી બન્યા બાદ સ્ટ્રીટ લાઈટોની ફરિયાદોનો અંત આવ્યો નથી. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામા આવ્યુ હતુ. પરંતુ હાલ નગરના માર્ગો પર અજવાળુ પથરાય તેવી લાઈટો પણ ડુલ જોવા

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે.. છેલ્લે..

- ● રસીકરણ પૂર્ણ થતાં ધારી રેંજના ૩૪ સિંહોને પુનઃ જંગલમાં મુક્ત કરાશે.
- ● સુઈગામના મોરવાડાની કેનાલમાં ૧૫ ફૂટનું ગાબડુ.
- ● રાયોટીંગના ગુન્હામાં અલ્પેશ કથિરીયાની ધરપકડ.
- ● સ્વાઈન ફ્લુમાં આજે વધુ ત્રણના મોત : વધુ નવા ૧૧૦ કેસ.
- ● સ્ટેટ જીએસટીના સૌરાષ્ટ્ર-કચ્છમાં દરોડા : નવ વેપારીઓ પર દરોડા : વેપારીઓમાં ફફડાટ.
- ● પરેશ ધાનાણીના પૂતળાનુ અમરેલી દહન : દિલીપ સંઘાણીના પુત્ર મનીષ સંઘાણીએ પુતળા દહન કર્યુ.
- ● ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ જાહેર મંચ પરથી કોન્ટ્રાક્ટર અને માર્ગ-મકાનના કર્મચારીઓને ધમકાવ્યા.
- ● ડીડીઓની આકસ્મિક મુલાકાત સમયે દાહોદ ટીડીઓ ગેરહાજર રહેતા તેમને ટીડીઓને હટાવ્યા.

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **કરશનભાઈ નાથાભાઈ પ્રજાપતિ** તા. ૧૮/૨/૨૦૧૯ને સોમવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૨/૨/૨૦૧૯ને શુક્રવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : જુનો પ્રજાપતિવાસ, ધોળાકુવા, તા.જી. ગાંધીનગર**

ગં.સ્વ. શુભદ્રાબેન કરશનભાઈ પ્રજાપતિ

| | |
|---|---|
| દિગ્નેશકુમાર કરશનભાઈ પ્રજાપતિ (પુત્ર) | હેતલબેન દિગ્નેશકુમાર પ્રજાપતિ (પુત્રવધુ) |
| માનવ દિગ્નેશકુમાર પ્રજાપતિ (પૌત્ર) | રિયા અને હીર (પૌત્રી) |
| વિઠ્ઠલભાઈ મફતલાલ પ્રજાપતિ (ભાઈ) | હંસાબેન વિઠ્ઠલભાઈ પ્રજાપતિ (ભાભી) |
| હસમુખ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ (ભત્રીજો) | ગાયત્રીબેન હસમુખકુમાર પ્રજાપતિ (પુત્રવધુ) |
| દિલીપભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ (ભત્રીજો) | ગં.સ્વ. સરિતાબેન જુઠાભાઈ પ્રજાપતિ (ભાભી) |

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com